Re-Accredited Grade A By NAAC (3rd Cycle)

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ, રાજકોટ – ૩૬૦૦૦૫
ફોન નં. : (૦૨૮૧) ૨૫૭૮૫૦૧ એક્સટે. નં. ૨૨૦
ઈ-મેઈલ : estab@sauuni.ac.in

નં.મહેકમ/બ/૫/ ૩૬૬ /૨૦૨૦ તા.૨૭–૦૮–૨૦૨૦

વિષય :– નોવેલ કોરોના વાઈરસ (COVID-19)ના સંક્રમણને નિયંત્રણમાં લાવવા લેવાના થતાં નિવારાત્મક પગલાઓ બાબત.

સંદર્ભ :– મહેકમ–બ વિભાગની તા.૨૪/૦૮/૨૦૨૦ની નોંધ.

પરિપત્ર ::–

આથી યુનિવર્સિટી કાર્યાલયના તમામ વિભાગના વડાઓ, અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ તથા યુનિવર્સિટી સ્થિત વિવિધ સેન્ટરર્સ/ચેર્સ/હોસ્ટેલ્સના વડાઓને જણાવવામાં આવે છે કે, હાલમાં વિશ્વભરમાં નોવેલ કોરોના વાયરસ **COVID-19** ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન ધ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે. રાજકોટ શહેરમાં પણ કોરોના વાઈરસના પોઝીટીવ કેસો નોંધાયેલ છે. તાજેતરમાં યુનિવર્સિટીમાં કોરોના વાયરસના પોઝીટીવ કેસોની સંખ્યા વધતી જતી હોય આ સ્થિતિમાં કોરોના વાયરસના ઝડપી સંક્રમણને અટકાવવાના તકેદારીના ભાગ રૂપે સંદર્ભદર્શિત નોંધ પર મળેલ આદેશાનુસાર નીચે જણાવેલ વિગતે કાર્યવાહી થવા જણાવવામાં આવે છે.

(૧) નોવેલ કોરોના વાયરસ **COVID-19** ના સંક્રમણને નિયંત્રણમાં રાખી શકાય તે હેતુ થી યુનિવર્સિટીના વિવિધ વિભાગો/ભવનો/સેન્ટરર્સ/ચેર્સમાં ફરજ બજાવતાં વહિવટી અધિકારીઓ / કર્મચારીએ ૫૦% કર્મચારીઓ ઉપસ્થિત રહે તે મુજબ ફરજ પર ઉપસ્થિત રહેવાનું રહેશે. આ અંગે સંબંધિત વિભાગે વ્યવસ્થા ગોઠવવાની રહેશે.

બાકીના ૫૦% કર્મચારીઓએ ઘરેથી કાર્ય **(Work from Home)** કરવાનું રહેશે તેમજ મોબાઈલ ફોન તથા ઈ–મેઈલ પર ઉપલબ્ધ રહેવાનું રહેશે.

(૨) જે અધિકારીઓ / કર્મચારીઓ કોરોના વાઈરસથી સંક્રમીત થયા હોય તેઓએ ફરજ પર આવવાનું રહેશે નહિ.

(૩) ઉપરોકત વ્યવસ્થા તા.૨૫/૦૮/૨૦૨૦ થી તા.૨૯/૦૮/૨૦૨૦ સુધી અમલી રહેશે.

(૪) અત્યંત આવશ્યક ન હોય તે સિવાય યુનિવર્સિટીમાં મુલાકાતીઓના હાલ પ્રવેશ પર પ્રતિબંધ રહેશે.

ઉપરોકત બાબતો આપના વિભાગ/ ભવનના સર્વે બિન શૈક્ષણિક કર્મચારીઓને ધ્યાને મુકવા વિનંતી છે.

કુલસચિવ 25/8

પ્રતિ,

(૧) યુનિવર્સિટીના તમામ વિભાગ/ભવન/સેન્ટર્સના વડાઓ

નકલ સાદર રવાનાઃ–

(૧) માન.કુલપતિશ્રી/માન.ઉપકુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

નકલ રવાના યોગ્ય કાર્યવાહી અર્થે :–

(૧) ડાયરેકટરશ્રી, કોમ્પ્યૂટર સેન્ટર (વેબસાઈટ પર પ્રસિધ્ધ થવા અર્થે)

(૨) **S.O.** ફાઈલ

E/ESTA-2020/A4-CORONA/3
BHALIYA